# અંબર ઉત્સવ

વિસ્તરતી ક્ષિતિજ ને પેલે પાર,
છે એક દુનિયા વિશાળ.
રંગોથી રસધાર ને ભાવો ની ભરમાર.

મળે છે ક્યારેક ગમતો એક જાંબલકાર.
તો ક્યારેક નીલ ગગનશો એકાંત.
છતા એ.....! છે તો આપસ માં જ ભાગીદાર.

ક્યાંથી ઉડતી આવી આશા કેરી વાદળી એક.
વસુંધરાના ઉરને કરાવી ગઈ લીલા લે'ર.
કેમકે, વસુ- વાદળી છે એક મેકના જ સાથીદાર.

જુઓ....! પીળો પીતાંબર પહેરેલો આ સૂરજ,
કુદી પડયો નારંગી સા આ રણ મેદાન માં,
ખેલી એ દિનભર નો સંગ્રામ,
સંધ્યે થાશે રાતો ચટકદાર.

હતી દિલને માત્ર એકજ રંગની આશ.
ત્યાં તો થઈ ગઈ 'સપ્તરંગી છબી' સાકાર
જો શોધી શકો આ રંગીન અવસરને.....!
તો માનુ કે છો તમે 'ઋતુ' કેરા કદ્રદાન.